## :: રે.દિ.મુ.નં.૪૧/૨૦૨૪ ના કામે આંક–૫ લગત હુકમ ::

(૧) આ કામે વાદીની કામચલાઉ મનાઈ અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની જાતખેડની વડીલોપાર્જિત ખેતીની જમીન મોજે ગામ ગોળજ, તા.ઠાસરા મુકામેની સીમના ખાતા નં.૨૭૦ માં ચાલતી બ્લોક/સર્વે નં.૫૮૭/૧ વાળી ખેતીલાયક જમીન જેનુ કુલ ક્ષેત્રફળ એકર–૬, ૧૬–ગુંઠા અને આકાર રૂા.૧૦.૪ પૈસાવાળી જમીન આવેલ છે, જે જમીનની વર્ષ–૧૯૫૬ ના રજી. વેચાણ દસ્તાવેજ મુજબ ચતુર્દિશા નીચે મુજબ છે.

પૂર્વે – ભોગીલાલ મોતીલાલ પટેલની જમીન છે.

પશ્ચિમે– શંકરભાઈ મગનભાઈની જમીન છે.

ઉત્તરે– જેઠાભાઈ અમથાભાઈની જમીન છે.

દક્ષિણે – ઈન્દુભાઈ દેસાઈની જમીન છે.

આમ, ઉપરોકત વર્ણવેલ અને ચતુર્દિશા વચલી ખેતીલાયક જમીન દાવાના કામે દાવાવાળી મિલ્કત તરીકે ઓળખવામાં આવશે.

ઉપર દર્શાવેલ વર્ણન તેમજ ચતુર્દિશાવાળી જમીન મોજે ગામ ગોળજની સીમની ખેતી વિષયક જમીન વાદીના પિતા ગુજ. છગનભાઈ ઈશ્વરભાઈ પટેલે પોતે તથા સગીરો લાલજીભાઈ છગનભાઈ તથા ઘનશ્યામભાઈ છગનભાઈ તથા મણીભાઈ છગનભાઈ પટેલના વાલી તરીકે છગનભાઈ ઈશ્વરભાઈએ તા.૩૧/૧૨/૧૯૫૬ ના રોજ રજી. વેચાણ દસ્તાવેજ નં.૨૪૫૬/૧૯૫૬ થી સબરજીસ્ટ્રાર કચેરી, ઠાસરામાં નોંધાવી વેચાણ હકકથી રાખેલ છે. સદર દસ્તાવેજ થકી ગુજ. છગનભાઈએ દાવાવાળી જમીન સિવાય પણ ગોળજની અન્ય જમીન પણ તે જ તારીખે વેચાણ રાખી છે અને તે જ દિવસે જમીનો વેચનારની અન્ય બે જમીનો કે જે વજેવાળ અને ચોથી મોજે ગામ રાણીપોરડાની ખેતીની જમીનો પણ એક જ રજી. વેચાણ દસ્તાવેજથી રાખેલ છે. જે ચારેય જમીનોનું વેચાણ કરનાર એક જ માલિક હોય

એક જ રજી. વેચાણ દસ્તાવેજ નં.૨૪૫૬/૧૯૫૬ નો દસ્તાવેજ લખી નોંધાવેલ છે. તે ચાર જમીનો પૈકી મોજે ગામ ગોળજની સર્વે નં.૫૮૭/૧ વાળી જમીન દાવાવાળી મિલ્કત છે, જેનો માલિકી હકકે કબજો ભોગવટો વાદીના પૂર્વજ ગુજ. છગનભાઈ ઈશ્વરભાઈને મિલ્કત વેચનારાએ

વર્ષ–૧૯૫૬ માં સોંપ્યો છે. સદર દાવાવાળી સર્વે નં.૫૮૭/૧ વાળી જમીનની ચતુર્દિશામાં વર્ષ–૧૯૫૬ માં પૂર્વ દિશામાં ભોગીલાલ મોતીલાલ પટેલની જમીન અને પશ્ચિમ દિશામાં શંકરભાઈ મગનભાઈની જમીન આવેલ હોવાનુ રજી. વેચાણ દસ્તાવેજમાં સ્પષ્ટ લખેલ છે. આમ, સ્વ. ભોગીલાલની જમીનનો સ.નં.૬૯૬ છે અને સદર સ.નં.૬૯૬ વાળી એકર–૬ અને ૧૨ ગુંઠા જમીનના ક્ષેત્રફળવાળી મિલ્કત પ્રતિવાદી નં.૧/૧ થી પ્રતિવાદી નં.૧/૪ ના પૂર્વજ ગુજ. ભોગીલાલ મોતીલાલે તેમની હયાતીમાં જ વર્ષ–૨૦૦૪ માં જયંતિભાઈ શામજીભાઈને વેચાણ કરી છે. જે વેચાણની ગામ નમુના નં.૬ ના હકક પત્રકમાં ફેરફાર નોંધ નં.૨૫૭૧ થી નોંધાયેલ છે. આમ, સદર વેચાણ બાદ ભોગીલાલના નામે વર્ષ–૨૦૦૦ પછી માલિકી હકકે હવે દાવાવાળી જમીનની પૂર્વ દિશામાં કોઈ માલિકીની જમીન રહી નથી તેમ છતાં હાલમાં એકત્રીકરણમાં વાદીની જમીન જે ભોગીલાલના નામે ચાલતી હતી તેમાં હાલના પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૪ નાએ વાદીની દાવાવાળી જમીનમાં ખોટી રીતરસમથી વારસાઈની નોંધ ગેરકાયદેસર અને બિન હકકે કરાવેલ છે. વાદીની સ.નં.૫૮૭/૧ વાળી એકર–૬ અને ૧૬ ગુંઠા જમીન જે ભોગીલાલના નામે વર્ષ–૧૯૭૩ માં એકત્રીકરણથી દાખલ થઈ અને વાદીનું નામ શરતચૂકથી નીકળી ગયુ તે જમીન ગુજ. ભોગીલાલની માલિકીનું ન હોવાનુ અંગત રીતે પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ વાળા જાણતા હોવા છતાં ગેરકાયદેસર અને બિન હકકે પ્રતિવાદી નં.ર નિલેષભાઈને વેચાણ આપેલ છે. જેના માટે પ્રતિવાદીઓને કાયદેસરનો કોઈ હકક કે અધિકાર નથી. આમ, ગુજ. ભોગીલાલ મોતીલાલ પટેલની મૂળ સ.નં.૬૯૬ વાળી ખેતીની જમીન અને પશ્ચિમ દિશામાં શંકરભાઈ મગનભાઈની જમીન એ બન્ને જમીનોની વચ્ચે વાદીની સ.નં.૫૮૭/૧ દાવાવાળી ખેતીની જમીન વર્ષ–૧૯૫૬ થી સતત નિર્વિઘ્ન, શાંત પ્રત્યક્ષ કબજા ભોગવટાવાળી અને માલિકી હકકે આજે પણ વાદીની ચાલતી આવેલ છે.

દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડ ઓફ રાઈટસમાં સ.નં.૫૮૭/૧ જેનો નવો સર્વે નં.૭૧૩–૧ હાલમાં પડેલ છે. પ્રતિવાદીની જમીન સ.નં.૬૯૬ જયંતિભાઈ શામજીભાઈને વેચાણ આપ્યા બાદ દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓને કાયદેસરનો કોઈ હકક કે અધિકાર નથી. સદરહુ બન્ને પક્ષકારોની જમીન સ.નં.૬૯૬ અને ૫૮૭/૧ અંગે વર્ષ–૧૯૭૩ માં જમીનોના ટુકડા થતા અટકાવવા એકત્રીકરણના કાયદા અંતર્ગત એકત્રીકરણ થતા વાદીની સ.નં.૫૮૭/૧ એકત્રીકરણ સમયે પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ ના પૂર્વજ સ્વ. ભોગીલાલના નામે દાખલ થયેલ અને દાવાવાળી જમીનમાંથી વાદીનો એકત્રીકરણ સમયે માત્ર નામ નીકળી ગયેલ. તે અંગે વાદીના વાંધા અરજીની સરકારી કચેરીઓમાં નિર્ણય માટે પ્રક્રિયા હાલમાં પણ ચાલુ છે. સદર દાવાવાળી જમીન સ.નં.૫૮૭/૧ માં વાદીનો વર્ષ–૧૯૫૬ થી સતત, નિર્વિઘ્ન શાંત પ્રત્યક્ષ કબજો ભોગવટો આજે પણ આવેલો છે. જે ખેતરમાં વાદીનો દિવેલાનો પાક ઉભો છે અને જમીન નિરીક્ષક અને જમીન રેકર્ડ વિભાગ એટલે કે, ડી.આઈ.એલ.આર. અને સેટલમેન્ટ કમિશનર, ગાંધીનગર વિગેરેના આ અંગે વિગતવાર નોંધ થયેલ છે. વર્ષ–૧૯૫૬ બાદથી અત્યાર સુધી સમયાંતરે દાવાવાળી જમીનની આજુબાજુની જમીનોમાં વિવિધ કારણોસર નામ ફેરબદલ અને કબજા ફેરબદલ થતા હાલમાં દાવાવાળી જમીનની ચતુર્દિશામાં પણ ફેરફાર થયેલો છે. વાદીએ સ.નં.૫૮૭/૧–૨–૩ માં સુધારો કરી આપવા સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગાંધીનગર (ગુજરાત રાજય) ને કરેલ અરજી સંદર્ભમાં નાયમ નિયમાક (એકત્રીકરણ), સેટલમેન્ટ કમિશનર, ગાંધીનગરનાઓએ તા.૦૨/૦૧/૨૦૧૪ ના રોજ સુપ્રીન્ટેન્ડન્ટ, લેન્ડ રેકર્ડ કમ એકત્રીકરણ અધિકારીશ્રી, ખેડા, મુ.નડિયાદને પત્ર લખેલ. જેમાં એકત્રીકરણની યોજનાના ઘડતર વખતે હિસ્સા માપણીના રેકર્ડ મુજબ યોગ્ય રીતે દાખલ થયેલ નથી તેમ સ્પષ્ટ નોંધ લખેલ છે. જે બ્લોક નં.૭૦૧ માં ૨–એકર, ૨૯–ગુંઠા ક્ષેત્રફળ સ.નં.૫૮૭/૧ દાવાવાળી જમીનનું સ્પષ્ટ રીતે છગનભાઈ ઈશ્વરભાઈના નામે ચાલે છે. જયારે પ્રતિવાદીનું બ્લોક નં.૭૧૩ માં (૭૧૩/૧ ખાતા નં.૨૩૦) સ.નં.૫૮૭/૨ નો ૬–એકર, ૨૦–ગુંઠા દર્શાવેલ છે. ઉપરોકત હકીકતો અને વિગતે પ્રતિવાદીઓએ વર્ષ–૧૯૭૩ ના એકત્રીકરણના કાયદાથી વાદીના હિસ્સાની દાવાવાળી જમીન જે

ભોગીલાલના નામે દાખલ થઈ ગયેલ તેમાં પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ નાએ ખોટી રીતે વારસાઈ નોંધ કરાવી રજી. વેચાણ દસ્તાવેજ નં.૧૩૦૩/૨૦૨૪ માં મનસ્વી રીતે જમીનનું ક્ષેત્રફળ અને જમીનની ખોટી ચતુર્દિશા લખી વાદીની દાવાવાળી જમીન વેચાણ દસ્તાવેજ નં.૧૩૦૩/૨૦૨૪ થી વેચાણ કરેલ છે. જેના માટે પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ નાઓને કોઈ કાયદેસરનો હકક અધિકાર નથી. તે જ રીતે પ્રતિવાદી નં.૨ પણ સદર જમીન વેચાણ રાખતા અગાઉ જરૂરી પ્રક્રિયા કર્યા વગર વેચાણ રાખેલ હોય પ્રતિવાદી નં.૨ પણ સદર જમીનનો વેચાણ દસ્તાવેજ થકી દાવાવાળી જમીનનો કબજો અને ખેડ હકક મેળવવા કાયદેસર હકકદાર નથી. પ્રતિવાદીની સ.નં.૬૯૬ વાળી જમીન વર્ષ–૧૯૫૬ ના વાદીના વેચાણ દસ્તાવેજ મુજબ સ.નં.૫૮૭/૧ ની પૂર્વ દિશામાં આવેલી છે. વાદીની સ.નં.૫૮૭/૧ વાળી જમીન છે અને તેની પૂર્વ દિશામાં પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ ના ગુજ. પૂર્વજ ભોગીલાલ મોતીલાલની સ.નં.૬૯૬ વાળી જમીન હતી. જે જમીન વર્ષ–૨૦૦૪ માં જયંતિભાઈને વેચાણ આપી તેની વેચાણ ફેરફાર નોંધ નં.૨૫૭૧ છે. હાલમાં જે સ.નં.૫૮૭/૨ માં દર્શાવેલ એકર–૬, ગુંઠા–૧૬ વાળી જમીન વાદીના ગુજ. પૂર્વજ છગનભાઈ ઈશ્વરભાઈની હોવાની નાયબ નિયામક (એકત્રીકરણ), ગાંધીનગરનાએ નોંધ લખેલ છે અને તે રીતે પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૪ નાએ પ્રતિવાદી નં.૨ નિમેશભાઈ પટેલને બિન હકકે વેચાણ દસ્તાવેજ નં. ૧૩૦૩/૨૦૨૪ માં લખી આપેલ ક્ષેત્રફળ ૨–૩૯–૭૫ હે.આરે.ચો.મી. પ્રતિવાદી એકલાના નામે દાખલ થઈ માલિકી હકકે રેકર્ડમાં ચાલતુ નથી. વેચાણની ફેરફાર નોંધ નં.૪૨૦૦ વિરુધ્ધ વાદીએ અપીલ કરેલ છે, જે પેન્ડીંગ છે તેમ છતાં સ.નં.૫૮૭/૧ નવો નં.૭૧૩/૧ વાળી જમીન ખોટી ચતુર્દિશા અને ખોટુ ક્ષેત્રફળ દર્શાવી વાદીની દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૨ ને વેચાણ દસ્તાવેજથી બિન હકકે લખી આપેલ છે. તેથી રજી. વેચાણ દસ્તાવેજ નં.૧૩૦૩/ ૨૦૨૪ મુળથી જ બિનઅમલી અને રદૃ હોય વાદીને કાયદેસર બંધનકર્તા નથી. પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૪ નાએ લખી આપેલ વેચાણ દસ્તાવેજ નં.૧૩૦૩/૨૦૨૪ થી વાદીની માલિકી કબજા ભોગવટાની સ.નં.૫૮૭/૧ વાળી જમીનના દિવાની કાનૂની હકકોને ગંભીર પ્રકારનું અમાપ કાનૂની નુકશાન થઈ રહેલ છે. પ્રતિવાદીઓને આ દાવાની વાદીની માલિકીની જમીન

બાબતે રૂબરૂમાં મળી ઘણુ સમજાવવા છતાં પ્રતિવાદીઓ માનતા નથી અને ધમકી આપે છે કે, વેચાણવાળી જમીન ખરીદનાર પ્રતિવાદી નં.૪ નાઓ જમીનનો પ્રત્યક્ષ કબજો વાદી પાસેથી મેળવીને જ રહેશે. આમ, જો પ્રતિવાદી વાદીની દાવાવાળી જમીન કે જે પ્રતિવાદીએ ખોટી ચતુર્દિશા અને ક્ષેત્રફળની હકીકતોથી ખોટો વેચાણ દસ્તાવેજ ઉભો કરેલ છે તે દસ્તાવેજ થકી વાદીનો દાવાવાળી જમીનનો કબજો કાયદાકીય પ્રક્રિયા કર્યા સિવાય વાદી પાસેથી ઝુંટવી લે તો તેનાથી વાદીના દિવાની કાનૂની હકકને નુકશાન થાય તેમ છે. વાદી કાયદાનું પાલન કરવાવાળા છે. વાદીને પોતાની મિલ્કતના કાનૂની અધિકારોનું રક્ષણ કરવા માટે નામ. કોર્ટ સિવાય અન્ય કોઈ ઉપાય ઉપલબ્ધ ન હોય પ્રતિવાદીઓ વિરુધ્ધ હાલનો દાવો દાખલ કરી જાથુનો મનાઈ હુકમની માંગણી કરેલ છે અને સાથે હાલની કામચલાઉ મનાઈ હુકમની અરજી દાખલ કરેલી છે અને દાદ માંગેલ છે .

(અ) દાવા અરજીના પેરા નં.૧ માં જણાવેલ વર્ણન અને ખુંટવાળી મોજે ગામ ગોળજ, તા.ઠાસરા, જિ.ખેડાની જમીનમાં તેઓને ખેતી કરી ઉત્પન્ન લેતા તેમજ ખેતીને લગતા ઓજારો, બળદગાડુ, ટ્રેકટર વિગેરે ખેતીના સાધનો લાવવા લઈ જતા પ્રતિવાદીઓ કે તેમના પુત્રો, નોકર, ચાકરો, એસાઈનીઝ, કુલમુખત્યારો, મળતીયા ઈસમો, તેમના વંશ, વાલી, વારસો વિગેરે તેઓને હેલો–હરકત, અટકાવ–અંતરાવ કે અડચણો ઉભી કરે કરાવે નહી કે અન્ય કોઈ ઉપદ્રવ કરે કરાવે નહી તેવો તેમજ કાયદાકીય પ્રક્રિયા કર્યા સિવાય દાવાવાળી જમીનનો તેઓનો પ્રત્યક્ષ કબજો છીનવી લે–લેવડાવે નહી તેમજ રજી. વેચાણ દસ્તાવેજ નં.૧ ૩૦૩/૨૦૨૪ થકી દાવાવાળી જમીન પ્રતિવાદીઓ ચાલુ દાવે અન્ય કોઈ ઈસમોને વેચે–સાટે નહી કે ગીરો, બક્ષીસ કે અન્ય કોઈપણ રીતે સોંપી તબદીલ કરે કરાવે નહી તેવો તેમજ દાવાવાળી જમીન ઉપર કોઈપણ પ્રકારની સરકારી કે અર્ધસરકારી સંસ્થા, મંડળી કે બેંકમાં બોજા–તારણમાં મુકી નાણાકીય બોજો ઉત્પન્ન કરે કરાવે નહી તેવો આ દાવાના આખરી અને અસરકારક નિકાલ થતા સુધીનો દાવા દરમિયાનનો વચગાળાનો તાકીદે કામચલાઉ મનાઈ હુકમ પ્રતિવાદીઓ અને તેમના પુત્રો, વંશ, વાલી, વારસો, નોકરો, ચાકરો, એજન્ટો, એસાઈનીઝ વિગેરે વિરુધ્ધ ફરમાવવા અરજ કરેલ છે.

(બ) આ અરજીનું સ્વરૂપ અને સંજોગો જોતા નામ. કોર્ટને યોગ્ય અને વ્યાજબી જણાય તેવી બીજી વધારાની હરકોઈ ન્યાયી દાદ અપાવવા અરજ કરેલ છે.

(ક) આ અરજીનો તમામ ખર્ચ અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે અને દાદ સાથે મનાઈ અરજી દાખલ કરી જણાવેલ છે કે, વાદીનો પ્રથમદર્શનીય કેસ છે અને સગવડતા અગવડતાની સમતુલા પણ વાદીની તરફેણમાં છે અને જો મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જાય તેમ હોય વાદીની હાલની મનાઈ અરજી મંજુર કરવા અરજ ગુજારેલ છે અને હાલની અરજીમાં જણાવ્યા મુજબની દાદ મંજુર કરવા વિનંતી કરેલી છે.

(૨) આ કામના વાદી તરફે તેઓના વિ.વ.શ્રી બી.પી.પુરોહિતનાઓએ તા.૦૯/૧૨/૨૦૨૪ ના રોજ હાલનો દાવો નામ. અદાલતમાં દાખલ કરેલ હતો. નામ. અદાલત ધ્વારા કોર્ટ ફી તથા વાદી પક્ષે રજુ કરેલ દસ્તાવેજી આધારોને ધ્યાને લઈ હાલનો દાવો સીવીલ દાવા રજીસ્ટરે નોંધવાનો હુકમ કરી આ કામના પ્રતિવાદીઓને મુદૃત તા.૨૩/૧૨/૨૦૨૪ ના રોજ હાજર રહેવાનો સમન્સ તથા મનાઈ અરજીની નોટીસ નીકાળવાનો હુકમ કરેલો. ત્યારબાદ આ કામના તમામ પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી એ.એમ.મકવાણાનાઓ હાજર રહેલા હતા અને તેઓનું વકીલાતપત્ર રજુ કરેલ, જે આ કામે આંક–૦૮ થી રજુ થયેલ છે. ત્યારબાદ આ કામના પ્રતિવાદી પક્ષે વિ.વ.શ્રીએ આંક–૧૨ થી વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનો જવાબ રજુ કરેલો હતો. આ કામના પ્રતિવાદી પક્ષે આંક–૧૨ થી જવાબ રજુ કરેલ છે તે જોવામાં આવે તો તેમાં પ્રતિવાદી પક્ષે વાદીની દાવા અરજી તથા હાલની મનાઈ અરજીની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે, વાદીનો દાવો ખરો નથી અને કાયદા મુજબ ટકી શકે તેમ નથી. વાદીને પ્રતિવાદીઓ વિરુધ્ધ દાદ માંગવાનો કોઈ હકક અધિકાર નથી. વાદીએ પોતાની દાવા અરજીમાં મહત્વની વિગતો નામ. અદાલતમાં છુપાવેલ છે. વાદીના દાવાને સમયમર્યાદાનો તથા પક્ષકારની ખામીનો બાધ નડે છે. વાદીએ પોતાની દાવા અરજીમાં જે પણ હકીકતો જણાવેલી છે તે વાદીએ પુરવાર કરવાની રહે છે. આ કામના પ્રતિવાદીએ

આંક–૧૨ થી જે વાંધા જવાબ રજુ કરેલ છે તેમાં વાદીની દાવા અરજી તથા હાલની મનાઈ અરજીની તમામ હકીકતોને પેરેગ્રાફ વાઈઝ ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે, વાદગ્રસ્ત મિલ્કતના માલિક ભોગીલાલ મોતીલાલ તથા નાથીબેન તે છીતાભાઈ લલ્લુની વિધવા હતા. તેઓનો જુનો રેવન્યુ સ.નં.૫૮૭/૨ તથા ૩, નવો સ.નં.૭૧૩, એકર–૧૨, ગુંઠા–૨૮ જમીન સને–૧૯૬૧ થી તેઓના અવસાન સુધી ધારણકર્તા આવેલા હતા અને તેઓના નામો ગામ નમુના નં.૭/૧૨, ૮–અ માં ચાલતા આવેલ હતા. વાદીઓના નામો સરક્ષિત ગણોતીયા તરીકે ૭/૧૨ ના બીજા કોલમમાં ચાલતા આવેલા. પરંતુ તેમના નામો કયારેય પ્રથમ કોલમમાં આવેલ ન હતા. ત્યારબાદ ફેરફાર નોંધ નં.૧૫૧૭, તા.૧૩/૦૭/૧૯૭૬ ના રોજ ટ્રીબ્યુનલના હુકમ અન્વયે દાખલ થયેલ, જે હુકમ મુજબ છગનભાઈ ઈશ્વરભાઈ, મોતીભાઈ લલ્લુભાઈ વિગેરે જ.મા. બાઈ નાથીબેન છીતા લલ્લુની વિધવા વિગેરે સ.નં. ૫૮૭/૨, ૫–એકર, ૩૭–ગુંઠા જમીનોના ૩૨–ગ મુજબનો ઠરાવ દાવાવાળી જમીન ગણોતીયા ગણોત વાવતા ન હોય વેચાણ રાખવા હકકદાર નથી તેથી વેચાણનું કામ બંધ કરવાનુ થાય છે. ગણોતીયાના નામો બીજા હકકમાંથી રેકર્ડ ઓફ રાઈટસ મુજબ કમી કરવા ઠરાવુ છું. ટ્રીબ્યુનલ મામલતદાર સાહેબના હુકમ નં.૪૦૮/૧૩, ૩૨–ગ. મુજબનો હુકમ રેવન્યુ રેકર્ડે દાખલ કરવામાં આવેલો અને તે મુજબ ગણોતીયાઓના વેચાણ ગેરકાયદેસર ઠરાવેલા છે. ત્યારબાદ સતત સદરહુ વાદગ્રસ્ત મિલ્કતમાં ભોગીલાલ મોતીલાલ વિગેરેના નામે રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલા. ત્યારબાદ ભોગીલાલ મોતીલાલના અવસાન બાદ ફેરફાર નોંધ નં.૨૯૬૦ થી તેમના વારસદારો એટલે કે, પ્રતિવાદી નં.૧ થી ૪ ના નામો તા.૨૮/૦૩/૨૦૧૦ ના રોજ રેવન્યુ રેકર્ડમાં દાખલ કરવામાં આવેલા અને ત્યારથી સદરહુ મિલ્કતના માલિક આ કામના પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓ થયેલા અને તેમની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાવાળી ખેતીલાયક જમીન પ્રતિવાદી નં.૨ ને રજી. વેચાણ દસ્તાવેજ નં.૧૩૦૩, તા.૦૩/૦૭/૨૦૨૪ ના રોજ વેચાણ આપેલ અને તે અંગેની વેચાણ ફેરફાર નોંધ નં.૪૨૦૦ રેવન્યુ રેકર્ડમાં વેચાણ આધારે દાખલ થયેલ છે અને તે નોંધ સક્ષમ અધિકારીએ સંપૂર્ણ દસ્તાવેજો ચકાસીને પ્રમાણિત કરેલ છે. આ કામના પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ નાઓ જમીનના કાયદેસરના

માલિક હોવાની હેસીયતથી પ્રતિવાદી નં.૨ ને મિલ્કત વેચાણ આપેલ છે. પ્રતિવાદી નં.૨ સદરહુ જમીનના શુધ્ધબુધ્ધિના કાયદેસરના ખરીદનાર છે અને તેઓએ રજી. એકટની જોગવાઈઓ મુજબ વેચાણ દસ્તાવેજની નોંધણી કરાવેલ છે તેમજ આ કામના પ્રતિવાદી નં.૨ નાઓએ પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ ને વેચાણ અવેજની રકમ ચુકવીને વેચાણ દસ્તાવેજ કરાવેલ છે અને ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની જોગવાઈઓ મુજબ તેમના કાયદેસરના હકકો સદરહુ વાદગ્રસ્ત મિલ્કતમાં નિહિત થયેલા છે. આમ, સદરહુ મિલ્કતના માલિક કબજેદાર પ્રતિવાદી નં.૨ નાઓ છે. આ કામના વાદીની વેચાણ દસ્તાવેજમાં કોઈપણ જગ્યાએ સહી કે અંગૂઠા લેવામાં આવેલા નથી. પ્રતિવાદી નં.૨ સાથે વાદીને કોઈ કરાર થયેલો નથી. જેથી વાદીને પ્રતિવાદી નં.૨ સાથે થયેલો વેચાણ દસ્તાવેજ રદૃ કરાવવા માટે કોઈ હકક કે અધિકાર નથી. વાદીએ હાલનો દાવો દાખલ કરતા પહેલા વેચાણ દસ્તાવેજની સને–૧૯૫૬ માં કોઈ નોંધ રેવન્યુ રેકર્ડમાં દાખલ કરાવેલ નથી અને ત્યારબાદ ટ્રીબ્યુનલ ધ્વારા રેવન્યુ રેકર્ડમાં હુકમ કરીને દાખલ કરાવેલ નોંધ નં.૧૫૧૭ સામે કોઈ વાદવિવાદ ઉપસ્થિત કરેલ નથી. વધુમાં પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ તથા તેમના વડીલોએ સને–૧૯૬૧–૬૨ થી વેચાણ દસ્તાવેજ સુધી વારંવાર મિલ્કતોના માલિક તરીકે બેંકોમાંથી ધિરાણ મેળવેલ છે અને તેની નોંધો રેવન્યુ રેકર્ડમાં ઉપલબ્ધ છે અને તેથી આટલા લાંબા સમયગાળા સુધી વાદીને આ હકીકતની જાણ ન હોવાનું કોઈ વ્યાજબી કારણ જણાય આવતુ નથી. આ કામના વાદીએ દાવાના કામે વેચાણ દસ્તાવેજ નં.૨૪૫૬/૧૯૫૬ રજુ કરેલ છે તે ધ્યાને લેવામાં આવે તો સદરહુ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપનાર પ્રભાવતીબેન દેસાઈ જે વિઠઠલભાઈ પરસોત્તમદાસની વિધવા સદરહુ વાદગ્રસ્ત મિલ્કતના માલિક ન હતા તેથી તેઓને વાદગ્રસ્ત મિલ્કત આપવાનો કોઈ હકક કે અધિકાર પ્રાપ્ત થતો નથી, જેથી આ કામના વાદીને દાવાવાળી મિલ્કતમાં કાયદેસર કોઈ હકક, અધિકાર વેચાણ આધારે પ્રાપ્ત થતા નથી. આ કામના વાદીએ હાલનો દાવો ૧૯૫૬ માં કરવામાં આવેલ વેચાણ દસ્તાવેજના આધારે કરવામાં આવેલ છે, જે ધ્યાને લેવામાં આવે તો વેચાણ દસ્તાવેજની નોંધ આજદીન સુધી એટલે કે, ૭૫ વર્ષ સુધી રેવન્યુ રેકર્ડમાં દાખલ કરવા માટે વાદીએ કોઈ શુધ્ધબુધ્ધિનો પ્રયત્ન કરેલ નથી.

વાદીએ ખોટી હકીકત જણાવેલ છે કે, તેઓએ મિલ્કત વેચાણ રાખી તેના માલિક થયેલા છે. ખરી હકીકતે, વેચાણ દસ્તાવેજ કાયદાથી પ્રતિબંધિત હોવાથી તેની નોંધ રેવન્યુ રેકર્ડમાં દાખલ કરાવી શકેલા નહી. વાદીએ દાવા અરજીમાં મહત્વની હકીકતો છુપાવેલી છે. વાદીનો વાદગ્રસ્ત જમીન ઉપર કોઈ કબજો ભોગવટો આવેલો નથી. દાવાવાળી મિલ્કતના પ્રતિવાદી કાયદેસરના વેચાણ દસ્તાવેજના આધારે માલિક અને કબજેદાર બનેલા છે અને પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૪ નાઓએ પ્રતિવાદી નં.૨ ને વેચાણ દસ્તાવેજથી દાવાવાળી જમીન વેચાણ આપેલ છે અને પ્રતિવાદી નં.૨ દાવાવાળી મિલ્કતના કાયદેસરના માલિક અને કબજેદાર તરીકે કબજો ભોગવટો ધરાવે છે. જેથી વાદીની દાવા અરજી નામંજુર કરી હાલની કામચલાઉ મનાઈ હુકમની અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૩) વાદી તરફે તેઓના દાવા અને કામચલાઉ મનાઈ અરજીના સમર્થનમાં નિ.૩/૧ થી નિ. ૩/૧૩ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે, જે નીચે મુજબ છે.

(૧) નિ.૩/૧– દાવાવાળી મિલ્કત નં.૫૮૭/૧ નો રજી. વેચાણ દસ્તાવેજ નં. ૨૪૫૬/૧૯૫૬ ની ઝેરોક્ષ નકલ, તા.૨૯/૧૨/૧૯૫૬

(૨) નિ.૩/૨– મામલતદારશ્રી, ઠાસરાનું ટેનન્સી એકટ મુજબના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ, તા.૧૧/૦૯/૧૯૫૮

(૩) નિ.૩/૩– દાવાવાળી સર્વે નં.૫૮૭/૧ જેનો નવો બ્લોક નં.૭૦૧ વાળી ગામ નમુના નં.૭/૧૨ ની ત.ક.મંત્રી, ગોળજના સહીસીકકાવાળી ઝેરોક્ષ નકલ, તા.૦૫/૦૯/૧૯૯૦

(૪) નિ.૩/૪– દાવાવાળી જમીનનો રજી. વેચાણ દસ્તાવેજ નં.૧૩૦૩/૨૦૨૪ ની સબરજીસ્ટ્રાર કચેરી, ઠાસરાના સહીસીકકાવાળી નકલ, તા.૦૩/૦૭/૨૦૨૪

(૫) નિ.૩/૫– સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગાંધીનગર, ગુજરાત રાજયની કચેરીને લખેલ પત્રની ઝેરોક્ષ નકલ, તા.૦૧/૦૧/૨૦૧૪

(૬) નિ.૩/૬– દાવાવાળી મિલ્કત અંગે વાદીએ સેટલમેન્ટ કમિશનર, ગાંધીનગર નાઓને લખેલ અરજીની ખરી નકલ, તા.૧૦/૦૪/૨૦૨૩

(૭) નિ.૩/૭– જિલ્લા માપણી કચેરી, ખેડાની દાવાવાળી જમીન અંગેની જમીનના ટુકડા અંગેની નકલ, તા.૨૪/૧૦/૧૯૯૦

(૮) નિ.૩/૮– જિલ્લા માપણી કચેરી, ખેડાની દાવાવાળી જમીન અંગે સ.નં.૫૮૭/ ૧–૨–૩ ની હિસ્સા ફોર્મની ખરી નકલની ઝેરોક્ષ, તા.૨૪/ ૧૦/૧૯૯૦

(૯) નિ.૩/૯– દાવાવાળી બ્લોક/સર્વે નં.૭૧૩–૧ ની ગામ નમુના નં.૭ ની મામલતદાર ઓફિસ, ઠાસરાના સીકકાવાળી ખરી નકલ, તા.૧૪/ ૧૦/૨૦૨૪

(૧૦) નિ.૩/૧૦– દાવાવાળી જમીનની વેચાણ ફેરફાર નોંધ નં.૪૨૦૦ ની ગામ નમુના નં. ૬ હકક પત્રકે પડેલ તેની મામલતદાર ઓફિસ, ઠાસરાના સહી સીકકાવાળી ખરી નકલ, તા.૦૯/૧૦/૨૦૨૪

(૧૧) નિ.૩/૧૧– ગામ નમુના નં.૬ હકકપત્રકની ફેરફાર નોંધ નં.૨૫૭૧ ની નકલ, તા.૨૦/૦૪/૨૦૦૪

(૧૨) નિ.૩/૧૨– દાવાવાળી બ્લોક/સર્વે નં.૭૦૩ ની ગામ નમુના નં.૭/૧૨ ની વર્ષ ૧૯૮૯–૯૦ ની ગ્રામ પંચાયત ગોળજના સહીસીકકાવાળી ખરી નકલ, તા.૧૭/૦૯/૧૯૯૦

(૧૩) નિ.૩/૧૩– સર્વે નં.૭૧૩(સર્વે નં.૫૮૭/૨–૩) ની ગામ નમુના નં.૭ તથા ૧૨ ની ખરી નકલ

(૪) પ્રતિવાદી તરફે નિ.૧૭/૧ થી નિ.૧૭/૨૦ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે, જે નીચે મુજબ છે.

(૧) નિ.૧૭/૧– મોજે ગામ ગોળજના સ.નં.૭૧૩/૧ ના ગામ નમુના નં.૭/૧૨ ની નકલ

(૨) નિ.૧૭/૨– મોજે ગામ ગોળજના સ.નં.૭૧૩/૨ ના ગામ નમુના નં.૭/૧૨ ની નકલ

(૩) નિ.૧૭/૩– મોજે ગામ ગોળજના સ.નં.૭૧૩/૩ ના ગામ નમુના નં.૭/૧૨ ની નકલ

(૪) નિ.૧૭/૪– મોજે ગામ ગોળજના સ.નં.૭૧૩/૧ ના ગામ નમુના નં.૭/૧૨ ની નકલ

(૫) નિ.૧૭/૫– મોજે ગામ ગોળજના સ.નં.૭૧૩/૨ ના ગામ નમુના નં.૭/૧૨ ની નકલ

(૬) નિ.૧૭/૬– મોજે ગામ ગોળજના સ.નં.૭૧૩/૩ ના ગામ નમુના નં.૭/૧૨ ની નકલ

(૭) નિ.૧૭/૭– મોજે ગામ ગોળજના સ.નં.૭૧૩/૧ ના ગામ નમુના નં.૭/૧૨ ની નકલ

(૮) નિ.૧૭/૮– મોજે ગામ ગોળજના સ.નં.૭૧૩/૨ ના ગામ નમુના નં.૭/૧૨ ની નકલ

(૯) નિ.૧૭/૯– મોજે ગામ ગોળજના સ.નં.૭૧૩/૩ ના ગામ નમુના નં.૭/૧૨ ની નકલ

(૧૦) નિ.૧૭/૧૦–મોજે ગામ ગોળજના સ.નં.૭૧૩ ના ગામ નમુના નં.૭/૧૨ ની નકલ

(૧૧) નિ.૧૭/૧૧–મોજે ગામ ગોળજના સ.નં.૭૧૩ ના ગામ નમુના નં.૭/૧૨ ની નકલ

(૧૨) નિ.૧૭/૧૨– મોજે ગામ ગોળજના સ.નં.૭૧૩ ના ગામ નમુના નં.૭/૧૨ ની નકલ

(૧૩) નિ.૧૭/૧૩–મોજે ગામ ગોળજના સ.નં.૭૧૩ (૫૮૭/૨) ના ગામ નમુના નં.૬ ના હકકપત્રકમાં પડેલી બોજા અંગેની ફેરફાર નોંધ નં.૮૮૬ ની નકલ

(૧૪) નિ.૧૭/૧૪–મોજે ગામ ગોળજના સ.નં.૭૧૩ (૫૮૭/૨) ના ગામ નમુના નં.૬ ના હકકપત્રકમાં પડેલી ગણોત હુકમ અંગેની ફેરફાર નોંધ નં.૧૫૧૦ ની નકલ

(૧૫) નિ.૧૭/૧૫–મોજે ગામ ગોળજના સ.નં.૭૧૩ (૫૮૭/૨) ના ગામ નમુના નં.૬ ના હકકપત્રકમાં પડેલી ગણોત હુકમ અંગેની ફેરફાર નોંધ નં.૧૫૧૭ ની નકલ

(૧૬) નિ.૧૭/૧૬–મોજે ગામ ગોળજના સ.નં.૭૧૩ (૫૮૭/૨) ના ગામ નમુના નં.૬ ના હકકપત્રકમાં પડેલી બોજા અંગેની ફેરફાર નોંધ નં.૨૩૩૩ ની નકલ

(૧૭) નિ.૧૭/૧૭–મોજે ગામ ગોળજના સ.નં.૭૧૩ (૫૮૭/૨) ના ગામ નમુના નં.૬ ના હકકપત્રકમાં પડેલી ટેનન્સીના હુકમ અંગે નાણા ભર્યાની ફેરફાર નોંધ નં.૨૩૩૬ ની નકલ

(૧૮) નિ.૧૭/૧૮–મોજે ગામ ગોળજના સ.નં.૭૧૩ (૫૮૭/૨) ના ગામ નમુના નં.૬ ના હકકપત્રકમાં પડેલી બોજા અંગેની ફેરફાર નોંધ નં.૨૮૭૩ ની નકલ

(૧૯) નિ.૧૭/૧૯–મોજે ગામ ગોળજના સ.નં.૭૧૩ (૫૮૭/૨) ના ગામ નમુના નં.૬ ના હકકપત્રકમાં પડેલી બોજા અંગેની ફેરફાર નોંધ નં.૩૩૦૫ ની નકલ

(૨૦) નિ.૧૭/૨૦– મોજે ગામ ગોળજના સ.નં.૭૧૩ (૫૮૭/૨) ના ગામ નમુના નં.૬ ના હકકપત્રકમાં પડેલી બોજા અંગેની ફેરફાર નોંધ નં.૪૨૫૮ ની નકલ

(૫) પક્ષકારો તરફે વિ.વ.શ્રીઓની દલીલ સાંભળી. વાદી તરફે વિ.વ.શ્રી બી.પી.પુરોહિતનાએ આંક–૦૫ ની કામચલાઉ મનાઈ અરજીના સમર્થનમાં મૌખિક દલીલો કરતા જણાવેલ છે કે, આ કામના વાદી ગુજ. છગનભાઈ ઈશ્વરભાઈ પટેલના કાયદેસરના વારસદાર છે અને તેમના પિતાએ તા.૩૧/૧૨/૧૯૫૬ ના રોજ રજી. વેચાણ દસ્તાવેજ નં.૨૪૫૬/૧૯૫૬ થી દાવાવાળી મિલ્કત કાયદેસરનો અવેજ ચુકવીને ખરીદ કરેલ હતી અને તેની નોંધણી સબરજીસ્ટ્રાર કચેરી, ઠાસરા ખાતે કરાવેલ હતી અને ઉપરોકત દસ્તાવેજની અંદર ગુજ. વાદીના

પિતા છગનભાઈએ મોજે ગામ ગોળજ સિવાયની અન્ય ત્રણ જમીનો જે અલગ અલગ જગ્યાએ આવેલી છે તે પણ ખરીદ કરેલ હતી અને તેનો એક જ દસ્તાવેજ કરવામાં આવેલ હતો. જે પૈકી ગોળજ ગામની સ.નં.૫૮૭/૧ વાળી જમીન તકરારી જમીન છે અને જેનો કબજો ભોગવટો વાદીના ગુજ. પિતા છગનભાઈ ઈશ્વરભાઈ પાસે સને–૧૯૫૬ થી હતો અને ત્યારબાદ વાદી પાસે છે. આ કામના પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ ના પૂર્વજ ગુજ. ભોગીલાલ મોતીલાલ તેમની હયાતીમાં વર્ષ–૨૦૦૪ માં જયંતિભાઈ શામજીભાઈને સ.નં.૬૯૬ વાળી જમીન વેચાણ આપેલી હતી, જેની ગામ નમુના નં.૬ ના હકકપત્રકમાં ફેરફાર નોંધ નં.૨૫૭૧ પડેલી છે અને ત્યારબાદથી પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ ના પૂર્વજ પાસે દાવાવાળી જમીનની પૂર્વ દિશાએ કોઈ જમીન આવેલી ન હતી, પરંતુ એકત્રીકરણમાં વાદીની જમીન જે ગુજ. ભોગીલાલ મોતીલાલના નામે ચાલતી હતી તેમાં પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ નાએ તકરારી જમીનમાં ખોટી રીતે વારસાઈની નોંધ પડાવેલી. ખરી હકીકતે, તેઓને વારસાઈની નોંધ પડાવવાનો કોઈ અધિકાર હતો નહી. એકત્રીકરણના સમયે પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ ના પૂર્વજ ભોગીલાલના નામે શરતચૂકથી નામ દાખલ થયેલુ અને વાદીનું નામ નીકળી ગયેલુ. જેને આધાર રાખીને આ કામના પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ નાએ દાવાવાળી તકરારી મિલ્કતમાં તેમનુ નામ ગેરકાયદેસર રીતે ચઢાવી દાવાવાળી મિલ્કત પ્રતિવાદી નં.૨ ને વેચાણ આપી દીધેલ છે, જે ગેરકાયદેસર છે. જેની વેચાણ ફેરફાર નોંધ નં.૪૨૦૦ પડેલ છે અને જેની સામે વાદીએ અપીલ દાખલ કરેલ છે. આ કામના પ્રતિવાદીઓ માથાભારે અને કાયદામાં ન માનનાર વ્યકિતઓ છે અને જબરદસ્તીથી દાવાવાળી જમીનનો કાનૂની પ્રક્રિયા કર્યા સિવાય કબજો વાદી પાસેથી ઝુંટવી લે તેમ છે જેથી વાદીના દિવાની હકકોતે નુકશાન થાય તેમ છે. આ કામના પ્રતિવાદીઓને તેમ કરતા રોકવા જરૂરી છે. વાદીનો પ્રાયમાફેસી કેસ છે અને સગવડતા અગવડાની સમતુલા પણ વાદીની તરફેણમાં છે અને જો માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈ હુકમ વાદીની તરફેણમાં ન આપવામાં આવે તો વાદીને નાણામાં ન ભરપાઈ થઈ શકે તેવુ નુકશાન થાય તેમ હોય વાદી પક્ષની આંક–૫ ની મનાઈ હુકમની અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૬) આ કામે પ્રતિવાદી પક્ષે આંક–૧૫ થી લેખિત દલીલો રજુ કરેલ છે અને તેના સમર્થનમાં મૌખિક દલીલ કરતા જણાવેલ છે કે, આ કામના વાદીએ ખોટી હકીકતો જણાવી નામ. અદાલતમાં દાવો દાખલ કરેલ છે અને સાથે હાલની મનાઈ અરજી દાખલ કરેલી છે. આ કામના વાદીએ દાવા અરજી તથા હાલની મનાઈ અરજીમાં જે હકીકતો જણાવેલ છે તે તદ્દન ખોટી છે અને વાદીએ નામ. અદાલતમાં દાવાવાળી મિલ્કત અંગે મહત્વની હકીકતો છુપાવેલી છે તેમજ મહત્વના દસ્તાવેજી આધારો પણ નામ. અદાલતમાં રજુ કરેલા નથી. દાવાવાળી મિલ્કતના મૂળ માલિક ભોગીલાલ મોતીલાલ તથા નાથીબેન તે છીતાભાઈ લલ્લુભાઈના વિધવા હતા. તેઓનું જુનો રે.સ.નં.૫૮૭/૨ તથા ૩, નવો સ.નં.૭૧૩ એકર–૧૨, ૨૮–ગુંઠા જમીન સને–૧૯૬૧ થી તેઓના અવસાન સુધી ધારણકર્તા હતા અને તેમના નામો ગામ નમુના નં.૭/૧૨ અને ૮–અ માં ચાલતા હતા અને આ કામના વાદીઓના નામ સરક્ષિત ગણોતીયા તરીકે ૭/૧૨ ના બીજા કોલમમાં ચાલતા આવેલા. ત્યારબાદ ફેરફાર નોંધ નં. ૧૫૧૭, તા.૧૩/૦૭/૧૯૭૬ ના રોજ ટ્રીબ્યુનલના હુકમ અન્વયે છગનભાઈ ઈશ્વરભાઈ, મોતીભાઈ લલ્લુભાઈ વિગેરે જમીન માલિક બાઈ નાથીબેન છીતાભાઈ લલ્લુભાઈની વિધવા વિગેરે સ.નં.૫૮૭/૨ એકર–૫.૩૭ ગુંઠા જમીનનો ૩૨–ગ મુજબનો ઠરાવ દાવાવાળી જમીન ગણોતીયા ગણોત હકકે વાવતા ન હોય વેચાણ રાખવા હકકદાર નથી. તેથી વેચાણનું કામ બંધ કરવાનુ થાય છે અને ગણોતીયાના નામે બીજા હકકમાંથી રેકર્ડ ઓફ રાઈટસ મુજબ કમી કરવાનુ ઠરાવેલ અને ત્યારબાદથી વાદગ્રસ્ત મિલ્કતમાં ભોગીલાલ મોતીલાલ વિગેરેના નામો રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલા અને ભોગીલાલ મોતીલાલનું અવસાન થતા ફ્રેરફાર નોંધ નં. ૨૯૬૦ થી પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ ના નામો તા.૨૮/૦૩/૨૦૧૦ ના રોજ દાવાવાળી મિલ્કતમાં દાખલ થયેલ હતા અને ત્યારથી પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ દાવાવાળી મિલ્કતના કાયદેસરના માલિક અને કબજેદાર બનેલ હતા અને પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ નાઓએ દાવાવાળી જમીન રજી. વેચાણ દસ્તાવેજ નં.૧૩૦૩, તા.૦૩/૦૭/૨૦૨૪ ના રોજ આ કામના પ્રતિવાદી નં.૨ ને કાયદેસરનું અવેજ સ્વીકારીને વેચાણ આપેલ હતી અને જેની ફેરફાર નોંધ નં.૪૨૦૦ રેવન્યુ રેકર્ડમાં દાખલ કરવામાં આવેલ હતી. આ કામના વાદીએ ફેરફાર

નોંધ નં.૧૫૧૭, તા.૧૩/૦૭/૧૯૭૬ ના હુકમને આજદીન સુધી સક્ષમ ઓથોરીટી સમક્ષ પડકારેલ નથી. આ કામના વાદીએ નિ.૩/૧ થી જે વેચાણ દસ્તાવેજ રજુ કરેલો છે તે જોવામાં આવે તો તે સને–૧૯૫૬ ની સાલનો છે પરંતુ તેની કોઈ અસર દાવાવાળી મિલ્કતના રેવન્યુ રેકર્ડમાં આપવામાં આવેલ નથી તેમજ ખરીદનાર તરીકે પટેલ છગનભાઈ ઈશ્વરભાઈ પોતે તથા સગીરો લાલજીભાઈ છગનભાઈ તથા ઘનશ્યામભાઈ છગનભાઈ તથા મણીભાઈ છગનભાઈના નામ જણાવેલા છે, પરંતુ વાદી પક્ષે ઉપરોકત વ્યકિત કે તેમના વારસદારોને હાલના દાવાના કામે પક્ષકાર તરીકે જોડેલા નથી તેમજ વાદી પક્ષે નિ.૩/૨ થી જે પ્રમાણપત્ર રજૂ કરેલ છે તે પણ જોવામાં આવે તો તે બોમ્બે ટેનન્સી એન્ડ એગ્રીકલ્ચર લેન્ડ એકટ, ૧૯૪૮ ની કલમ–૮૪ મુજબનું છે, જે સરક્ષિત ગણોતીયાનું છે અને તેઓ કોઈપણ જમીન સક્ષમ અધિકારીની પરવાનગી વગર વેચાણ કે ખરીદ કરી શકતા નથી. આ કામે વાદી પક્ષે દાવાવાળી મિલ્કતનું સમગ્ર રેવન્યુ રેકર્ડ રજુ રાખેલુ નથી. વાદી પક્ષે નિ.૩/૧ થી જે વેચાણ દસ્તાવેજ રજુ કરેલ છે તેમાં ખરીદનારની કોઈપણ જગ્યાએ સહી કરવામાં આવેલ નથી. જેથી નિ.૩/૧ વાળા દસ્તાવેજને આ તબકકે માનવાનુ કોઈ કારણ જણાય આવતુ નથી. દાવાવાળી મિલ્કતનો કાયદેસરનો કબજો પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ નાઓ પાસે સને–૧૯૭૬ થી સાલથી છે અને આ કામના વાદીનો દાવાવાળી મિલ્કતમાં કોઈપણ જાતનો હકક કે અધિકાર પોષાતો નથી અને વાદીને હાલનો દાવો કરવાનુ કોઈ કારણ જણાય આવતુ નથી, જેથી પ્રતિવાદી પક્ષે રજુ કરેલ નિ.૧૭/૧ થી નિ.૧૭/૨૦ વાળા દસ્તાવેજો તેમજ આંક–૧૫ વાળી લેખિત દલીલો ઘ્યાને લઈ વાદીની હાલની આંક–૫ વાળી કામચલાઉ હુકમ મેળવવાની અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

**(૭) ઉપરોકત તમામ હકીકતો જોતા નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.**

**:: મુદ્દા ::**

**(૧) શું વાદી તેઓનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરે છે?**

**(૨) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે?**

**(૩) શું મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન જાય તેમ છે?**

**(૪) શું હુકમ?**

**(૮) ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણય નીચે મુજબ કરવામાં આવે છે.**

**:: નિર્ણય ::**

**મુદ્દા નં.૧. નકારમાં,**

**મુદ્દા નં.૨. નકારમાં,**

**મુદ્દા નં.૩. નકારમાં,**

**મુદ્દા નં.૪. આખરી હુકમ મુજબ.**

**:: કારણો ::**

**મુદ્દા નં.૧ થી ૪ ની સંયુકત ચર્ચા :–**

(૯) આ કામે વાદી તરફે રજુ આંક–૫ ની કામચલાઉ મનાઈ અરજી વંચાણે લીધી. પક્ષકારો તરફે રજુ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. આ કામે વાદી પક્ષની હાલની મનાઈ હુકમની અરજી જોવામાં આવે તો વાદી પક્ષે મોજે ગામ ગોળજ, તા.ઠાસરાની સીમ ખાતા નં.૨૭૦ માં ચાલતી બ્લોક/સર્વે નં.૫૮૭/૧ વાળી ખેતીલાયક જમીન જેનુ કુલ ક્ષેત્રફળ ૬ એકર, ૧૬ ગુંઠા, જેનો આકાર રૂા.૧૦.૪ પૈસાવાળી જમીન જે વાદીની માલિકી કબજા ભોગવટાની જાત ખેડની આવેલ છે તેવી હકીકત જણાવેલી છે અને તેના સમર્થનમાં વાદી પક્ષે નિ.૩/૧ થી રજી. વેચાણ દસ્તાવેજ નં.૨૪૫૬, તા.૩૧/૧૨/૧૯૫૬ નો રજુ કરેલો છે અને નિ.૩/૨ થી પ્રમાણપત્ર, નિ.૩/૩ થી દાવાવાળી મિલ્કતનો ગામ નમુના નં.૭/૧૨ રજુ કરેલ છે. આ

કામે નિ.૩/૧ વાળો દસ્તાવેજી આધાર જોવામાં આવે તો તેમાં વેચાણ રાખનાર તરીકે પટેલ છગનભાઈ ઈશ્વરભાઈ પોતે તથા સગીરો લાલજીભાઈ છગનભાઈ તથા ઘનશ્યામભાઈ છગનભાઈ તથા મણીભાઈ છગનભાઈનું નામ લખેલુ છે અને તેમના વાલી તરીકે છગનભાઈ ઈશ્વરભાઈનું નામ લખેલુ છે અને આ વેચાણ દસ્તાવેજમાં વેચાણ આપનાર તરીકે પ્રભાવતીબેન વિઠઠલદાસ પુરૂષોત્તમદાસની વિધવાના કુલમુખત્યાર રસિકલાલ ત્રિભોવનદાસ મહેતાનું નામ લખેલુ છે અને નિ.૩/૧ વાળા દસ્તાવેજમાં કુલ–૪ જમીનોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે, જેમાં ગોળજના સ.નં.૫૭૬/૨ એકર–૬, ૨૦ ગુંઠા તથા ગોળજના સ.નં.૫૮૭/૧ એકર–૬, ૧૬ ગુંઠા તથા વજેવાર સ.નં.૧૩૩/૬ એકર–૪, ૫ ગુંઠા તથા રાણીપોરડાના સ.નં.૪૮ પૈકી એકર–૧૩, ૨૫ ગુંઠા જમીનનો ઉલ્લેખ કરેલ છે અને અવેજ પેટેની રકમ રૂા.૨૯૭૧.૧૧ પૈસા જણાવેલ છે અને જે પૈકી રૂા.૭૧.૧૧ પૈસા રોકડા દસ્તાવેજ વખતે ચુકવી આપવામાં આવેલા છે અને બાકીના રૂપિયા ચાર હપ્તામાં એટલે કે, રૂા.૭૨૫/– ના ચાર હપ્તામાં ચુકવી આપવાનુ નકકી થયેલુ હતુ અને જો ઉપરોકત હપ્તાની રકમ સમયસર ચુકવી આપવામાં ન આવે તો નિ.૩/૧ વાળો દસ્તાવેજ રદ્દ કરી દસ્તાવેજમાં જણાવેલ જમીન પરત સોંપી આપવાની શરત રાખવામાં આવેલ હતી. નિ.૩/૧ વાળો દસ્તાવેજ જોવામાં આવે તો તેમાં વેચાણ આપનાર તરીકે પ્રભાવતીબેન વિઠઠલદાસ પુરૂષોત્તમદાસની વિધવાના કુલમુખત્યાર રસિકલાલ ત્રિભોવનદાસ મહેતાનું નામ લખેલુ છે અને તેમની સહી છે, પરંતુ વેચાણ રાખનાર એટલે કે, પટેલ છગનભાઈ ઈશ્વરભાઈની કોઈ જગ્યાએ સહી નથી. જેથી નિ.૩/૧ વાળો દસ્તાવેજ વાદીના પૂર્વજની હાજરીમાં કરવામાં આવેલો છે કે કેમ ? તે નકકી થઈ શકે તેમ નથી. આ કામે વાદી પક્ષે નિ.૩/૩ થી ૭/૧૨ નો ઉતારો રજુ કરેલ છે, જેમાં છગનભાઈ ઈશ્વરભાઈ પોતે તથા સગીર લાલજીભાઈ છગનભાઈ, ઘનશ્યામભાઈ છગનભાઈ, મણીભાઈ છગનભાઈના વાલી તથા પ્રભાવતીબેન વિઠઠલદાસનું નામ કબજેદારની કોલમમાં જણાવેલ છે. આ કામના વાદીએ હાલની દાવા અરજીના કામે લાલજીભાઈ છગનભાઈ ઘનશ્યામભાઈ છગનભાઈ તથા મણીભાઈ છગનભાઈને પક્ષકાર તરીકે જોડેલા નથી કે તેઓ હયાત છે કે મરણ ગયેલ છે તે અંગે પણ કોઈ હકીકત નામ.

અદાલતમાં જણાવેલ નથી તેમજ વાદી પક્ષે નિ.૩/૧ વાળા રજી. વેચાણ દસ્તાવેજમાં વાદીના ગુજ. પિતાની સહી કે અંગૂઠાનું નિશાન નથી તે અંગે પણ કોઈ ખુલાસો કે હકીકત પોતાની દાવા અરજીમાં કે હાલની મનાઈ અરજીમાં જણાવેલ નથી. આ કામે વાદી પક્ષે નિ.૩/૧ વાળા વેચાણ દસ્તાવેજમાં વેચાણ આપનાર તરીકે પ્રભાવતીબેન વિઠઠલદાસ પુરૂષોત્તમદાસની વિધવાના કુલમુખત્યાર રસિકલાલ ત્રિભોવનદાસ મહેતાનું નામ લખેલુ છે તે કુલમુખત્યારનામુ પણ હાલના દાવાના કામે રજુ રાખેલ નથી તેમજ નિ.૩/૧ વાળા વેચાણ દસ્તાવેજમાં જે ચાર જમીનોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તેના કોઈ રેવન્યુ રેકર્ડસ દાવા અરજીના કામે સામેલ રાખેલ નથી. વાદી પક્ષે નિ.૩/૧ વાળા વેચાણ દસ્તાવેજની દાવાવાળી મિલ્કતના રેવન્યુ રેકર્ડમાં આજદીન સુધી અસર આપેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાય આવતુ નથી. આ કામના વાદીના પિતાનું નામ સરક્ષિત ગણોતીયા તરીકે દાવાવાળી મિલ્કતના બીજા હકકની કોલમમાં જણાય આવે છે અને જયારે મિલ્કતના બીજા હકકમાં ગણોતીયા તરીકે કોઈ ઈસમનું નામ હોય તો તેઓ દાવાવાળી મિલ્કતના કબજેદાર કે માલિક બનતા નથી. હાલના કામે પ્રતિવાદી પક્ષે નિ.૧૭/૧ થી ૧૭/૨૦ વાળા દાવાવાળી મિલ્કતના જુના રેવન્યુ રેકર્ડસ રજુ કરેલા છે તે જોવામાં આવે તો તેમાં આ કામના વાદીના ગુજ. પિતા છગનભાઈનું કોઈ જગ્યાએ કબજેદાર અને માલિક તરીકે નામ જણાય આવતુ નથી. આ કામે વાદી પક્ષે નિ.૩/૫ થી સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગરનો તા.૦૨/૦૧/૨૦૧૪ નો પત્ર રજુ કરેલો છે, જેમાં સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રીએ આ કામના વાદી કનુભાઈ છગનભાઈ પટેલનાઓએ મોજે ગામ ગોળજ, તા.ઠાસરાના સર્વે નં.૫૮૭/૧–૨–૩ માં સુધારા બાબતની અરજી રજુ કરેલી હતી, જે અરજીના અનુસંધાને સેટલમેન્ટ કમિશનર, ગાંધીનગર ધ્વારા નડિયાદના સુપ્રીન્ટેન્ડન્ટ, લેન્ડ રેકર્ડ કમ એકત્રીકરણ અધિકારીશ્રી, ખેડાને ઉદ્દેશીને પત્ર લખેલ છે અને જેમાં તેઓએ પૂર્તતા કરવાનુ જણાવેલ છે અને તે પત્રમાં જણાવ્યા મુજબ કનુભાઈ છગનભાઈની જમીન સ.નં.૫૮૭/૧ જે ભોગવટાની વાત કરેલ છે તે હકીકતે સ્થાનિકે પુરવણી પત્રક મુજબ નર્મદા કેનાલ બનતા પહેલાની બકોરભાઈ

મુળજીભાઈની જમીન હોવાનુ રેકર્ડ ઉપર પ્રતિપાદિત થાય છે અને સ.નં.૫૮૭/૨ છગનભાઈ ઈશ્વરભાઈની હોવાનુ જણાય છે અને આ મુજબ રેકર્ડનો સુધારો કરવા હાલ સરદાર સરોવર નર્મદા કેનાલમાં જમીન સંપાદન સર્વે નં.૫૮૭/૧ (બ્લોક નં.૭૦૧/૨) માં દાખલ કરવાની થાય છે અને તે મુજબનો અંગત અભ્યાસ કરીને પૂર્તતા કરવા માટે જણાવવામાં આવેલ છે. ઉપરોકત દસ્તાવેજ જોતા સ.નં.૫૮૭/૧ ના માલિક આ કામના વાદી છે તે હકીકત સાબિત થતી નથી.

આ કામે વાદી પક્ષે તેઓ દાવાવાળી મિલ્કતના કાયદેસરના માલિક અને કબજેદાર છે તે બતાવતો કોઈ દસ્તાવેજી આધાર આ કામે સામેલ રાખેલ નથી. આ કામે વાદી પક્ષે દાવાવાળી મિલ્કતમાં ખેતી કામ કરતા હોય અને ઉપજ નીપજ મેળવતા હોય તે બતાવતા કોઈ દસ્તાવેજી આધારો હાલના કામે રજુ રાખેલા નથી. આ કામના વાદી પક્ષે પોતાની દાવા અરજી અને હાલની મનાઈ અરજીમાં જણાવ્યા મુજબ દાવાવાળી મિલ્કત વર્ષ–૧૯૫૬ થી વાદીઓના પૂર્વજ ગુજ. છગનભાઈ ઈશ્વરભાઈ પટેલના સમયથી વાદીઓના કુટુંબની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની અને જાતખેડની આવેલી છે તેમ જણાવેલ છે પરંતુ ઉપરોકત હકીકતને સાબિત કરતો એકપણ પુરાવો વાદી પક્ષે હાલની અરજી સાથે સામેલ રાખેલ નથી. આ કામના વાદી પક્ષે સને–૧૯૫૬ ના વેચાણ દસ્તાવેજની દાવાવાળી મિલ્કતા રેવન્યુ રેકર્ડમાં અસર આપવા માટે પણ કોઈ કાર્યવાહી કરેલ નથી તેમજ આ કામના વાદી પક્ષે ગુજ. છગનભાઈ ઈશ્વરભાઈ પટેલના કુલ કેટલા વારસદારો છે ? તેમજ આ કામના વાદી ગુજ. છગનભાઈ ઈશ્વરભાઈ પટેલના વારસદાર છે તે બતાવતો કોઈ પુરાવો જેવો કે, ગુજ. છગનભાઈ ઈશ્વરભાઈ પટેલનું પેઢીનામુ હાલના કામે રજુ રાખેલુ નથી. વાદી પક્ષે દાવાવાળી અરજીના પેરા નં.૨ માં જણાવ્યા મુજબ **''વાદીના પિતા ગુજરનાર છગનભાઈ ઈશ્વરભાઈ પટેલે પોતે તથા સગીરો લાલજીભાઈ છગનભાઈ તથા ઘનશ્યામભાઈ છગનભાઈ તથા મણીભાઈ છગનભાઈ પટેલના વાલી તરીકે તા.૩૧/૧૨/૧૯૫૬ ના રોજ રજી. વેચાણ દસ્તાવેજ નં.૨૪૫૬/૧૯૫૬ થી દાવાવાળી તકરારી જમીન વેચાણ રાખેલી હતી.** પરંતુ તે દસ્તાવેજમાં વાદીના ગુજ.

પિતાની કોઈ જગ્યાએ સહી નથી તેમજ ઉપરોકત નિ.૩/૧ વાળા દસ્તાવેજમાં વાદીનું કોઈ જગ્યાએ નામ લખેલુ નથી તેમજ આ કામના વાદીએ સગીર લાલજીભાઈ છગનભાઈ તથા ઘનશ્યામભાઈ છગનભાઈ તથા મણીભાઈ છગનભાઈને કે તેમના વારસોને હાલના દાવાના કામે પક્ષકાર તરીકે જોડેલા નથી. આમ, દાવાવાળી મિલ્કતનો કબજો વાદી પાસે સને–૧૯૫૬ ની સાલથી હોય તે બતાવતો કોઈ પુરાવો વાદી પક્ષે રજુ રાખેલ નથી તેમજ દાવાવાળી મિલ્કતમાં તેઓ ખેતી કામ કરીને ઉપજ મેળવતા હોય તે બતાવતો કોઈ પુરાવો હાલના કામે રજુ રાખેલ ન હોય વાદી પક્ષ આ તબકકે દાવાવાળી મિલ્કતમાં માલિકી હકક અને કબજો ભોવવટો આવેલો છે તે સાબિત કરી શકેલ નથી. તે સંજોગોમાં વાદી તેઓનો પ્રથમદર્શનીય કેસ હોવાનુ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને ઈરીપેરેબલ લોસ વાદી પુરવાર કરી શકેલ નથી.

વધુમાં કાયદાકીય પ્રસ્થાપિત સ્થિતિ જોવામાં આવે તો નામ. સુપ્રીમ કોર્ટે **Sopan Sukhdeo Sable and Ors. Vs. Assistant Charity Commissioner and Ors., AIR 2004 SC 1401** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, "It is settled law that no injunction could be granted against the owner at the instance of a person in unlawful possession."

આમ, ઉપરોકત પેરાઓમાં ચર્ચા કર્યા મુજબ દાવાવાળી જમીનનો કબજો વાદીનો હોવાનું વાદી તરફે પ્રથમદર્શનીય રીતે પુરવાર કરેલ ન હોય અને વાદી દાવાવાળી મિલ્કતના માલિક હોવાનો વાદીનો કેસ ન હોય અને પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ નાઓ દાવાવાળી જમીનના કાયદેસર માલિક હોવાનું તેઓ તરફે પ્રથમદર્શનીય રીતે પુરવાર કરેલ હોય ત્યારે નામ. સુપ્રીમ કોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ કાયદાકીય સ્થિતિને ધ્યાને લેતા પ્રતિવાદીઓ વિરુધ્ધ વાદીએ માંગણી કર્યા મુજબનો કામચલાઉ મનાઈ હુકમ મેળવવા હકકદાર થતા નથી, જેથી મુદ્દા નં.૧ થી ૩ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.૪ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આ ખ રી હુ ક મ ::**

(૧) વાદી તરફે રજુ આંક–૫ ની કામચલાઉ મનાઇ અરજી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તા.૨૩ મી, માહે–ફેબ્રુઆરી, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
VIPULKUMAR AMRUTLAL
THAKKAR
on 23/02/2026 15:39:48 IST.

મુ.ઠાસરા
તા.૨૩/૦૨/૨૦૨૬

**(વિપુલ અમૃતલાલ ઠક્કર)**
મુખ્ય સીવીલ જજ, ઠાસરા
કોડ નં. જી.જે.૦૧૪૫૫